વિશ્વ સંવાદ કેન્દ્ર

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામ રેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૮૩ દિનાંક : ૧.૯.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

# ISRO (ઇન્ડીયન સ્પેશ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન)ની અવકાશયાત્રા - અંતરિક્ષયાન મિશનમાં આગેકૂચ

ISROના ચેરમેન ડૉ. કે. સિવને દેશવાસીઓને અવકાશયાત્રા - અંતરિક્ષયાન મિશનમાં ભારતીય વૈજ્ઞાનિકોની મહાન સિદ્ધિઓના સમાચાર આપ્યા છે.

જાન્યુઆરી-૨૦૧૯ સુધીમાં ચંદ્રયાન-૨નું સફળ અંતરિક્ષયાન મિશન પૂરું થશે. આ અગાઉ ૨૦૦૮માં ચંદ્રયાન-૧નું ચંદ્રપર સફળ ઉતરાણ થયું હતું. પૃથ્વીના ઉપગ્રહ એવા ચંદ્રની ધરતી તથા ત્યાંના ભૌગોલિક વાતાવરણ અંગે મહત્વની જાણકારી મળી છે. શક્ય છે કે સૈકાઓ પછી પૃથ્વીગ્રહ પર માનવ વસાહતને ખતરો ઉત્પન્ન થાય તો પરગ્રહ પર જવાની નોબત આવે. ચંદ્રપર ખડકો તથા બરફ-પાણી મળ્યાના પુરાવા છે પણ ત્યાં જે વાયુમંડળ છે તેની જાણકારી માટે વિશ્વના દેશોના અવકાશીય વૈજ્ઞાનિકોને દિલચસ્પી છે. તેમાં ભારત પણ આગેકૂચ કરી રહ્યું છે.

આઝાદીની ૭૫મી વર્ષગાંઠ-૨૦૨૨ અગાઉ ઑગસ્ટ માસમાં પ્રથમ ભારતીય માનવયુક્ત ગગનયાન લોન્ચ થશે. આ અંગેની સમગ્ર યોજનાની જાણકારી ડૉ. કે. સિવને મીડિયાને આપી છે. તેમના જણાવ્યા અનુસાર અંતરિક્ષમાં યાત્રીઓને મોકલતાં પહેલા માનવરહિત ગગનયાનનું સફળ પરીક્ષણ થશે. તેનો પ્રથમ ટેસ્ટ ૩૦ મહિના પછી અને બીજો ટેસ્ટ પછીના ૩૬ મહિના પછી થશે. આ બે સફળ પરીક્ષણો પછી ત્રણ ભારતીય અવકાશયાત્રીઓને માત્ર ૧૬ મિનિટમાં જ હરિકોટા પ્રક્ષેપણ સ્થાનથી અવકાશમાં મોકલાશે. ત્રણે ભારતીય અવકાશયાત્રીઓ ૬ થી ૭ દિવસ સુધી અવકાશમાં રોકાશે અને વિવિધ પ્રયોગો કરશે. આ ત્રણે અવકાશયાત્રીઓને ભારતમાં તથા જરૂર જણાશે તો વિદેશોમાં પણ અવકાશમાં રહેવાની તાલીમ અપાશે. આ અંગે બેઞ્લુરુમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. ભારતમાંથી ૩૪ વર્ષ અગાઉ અંતરીક્ષમાં રશિયાના પ્રક્ષેપણ સ્થાનેથી અંતરિક્ષયાત્રાના અનુભવી રાકેશ શર્માનું પણ માર્ગદર્શન લેવાશે.

વિશેષ માહિતી પ્રમાણે ૨૦૨૨માં મોકલવાતું ગગનયાન વળતાં સમયે ત્રણે ભારતીયોનું ક્રૂ મોડ્યુલ ગુજરાતના કાંઠે અરબી સમુદ્રમાં ઉતરશે. જો ટેકનિકલ ખામી થશે તો ગુજરાતને બદલે બંગાળના અખાતમાં પણ ઉતરાણ કરાશે. ગગનયાન માટે ઓર્બિટ મોડ્યુલ, ક્રૂ મોડ્યુલ તથા સર્વિસ મોડ્યુલ અને તેમને લગતી તમામ યાંત્રિક રચનાની તડામાર તૈયારીઓ ઈસરોની પ્રયોગશાળામાં થઈ રહી છે. ગગનયાનને અંતરિક્ષમાં સફળ રીતે મોકલાશે તો વિશ્વમાં ભારત ત્રીજો દેશ બનશે. આ મિશનમાં ૧૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. આ પ્રયોગમાં ૧૫૦૦૦થી પણ વધુ લોકોને રોજગારી મળશે તથા અવકાશ વૈજ્ઞાનિકોની ભરતી થશે. ડૉ. વિક્રમસારાભાઈ જે 'અવકાશ ગુરુ'ના હુલામણા નામથી વિશ્વવિખ્યાત હતા તેમના માર્ગદર્શનથી ૫૫ વર્ષના કાલખંડમાં ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ (મિસાઈલમેન) તથા વૈજ્ઞાનિકોના સાથ સહકારથી ઈસરોની આ સિદ્ધિએ વિશ્વનું ધ્યાન દોર્યું છે. અત્રે યાદ રહે કે વિશ્વના મોટા ભાગના દેશો તેમના ઉપગ્રહના સફળ પ્રક્ષેપણ એટલે ગ્રહને અવકાશમાં મોકલવા માટે ભારતને પ્રથમક્રમે પસંદ કરે છે. વિશ્વના દેશો હવે પોતાનો ઉપગ્રહ અવકાશમાં તરતો મૂકવા ભારતને સોંપે છે. અગાઉ ભારત પણ આ અંગે રશિયા, અમેરિકા જેવા દેસોનો આશરો લેતું હતું. હવે પરિસ્થિતિ ઉલટી છે.

## સુરક્ષિત માતૃત્વ અભિયાનમાં હિમાચલ પ્રથમ સ્થાને

પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન દેશભરમાં ચાલે છે. આ અભિયાનમાં ગર્ભવતી મહિલાઓ તેમના આવનાર બાળકના સ્વાસ્થ્યની ચકાસણી કરાવે છે પરિણામે ગર્ભસંપૂર્ણ પરિપક્વ થાય અને તંદુરસ્ત બાળકનો પ્રસવ થાય. દેશના બધા જ રાજ્યોમાં ગર્ભવતી મહિલાઓના ડેટા કલેક્ટ થતા હોય છે. કેન્દ્ર સ્વાસ્થ્ય મંત્રાલયે આ પૃથક્કરણમાં હિમાચલ રાજ્યને પ્રથમ સ્થાનનો પુરસ્કાર આપ્યો છે.

આ રાજ્યમાં ૬૮.૨૬ ટકા ગર્ભવતી મહિલાઓએ પ્રસુતી પૂર્વ ગર્ભની સતત ચકાસણી કરાવી હતી. કેન્દ્રિય સ્વાસ્થ્યમંત્રી જગત પ્રસાદ નડ્ડાએ હિમાચલ પ્રદેશના અતિરિક્ત મુખ્યસચિવ સ્વાસ્થ્ય, શ્રી બી. કે. અગ્રવાલને 'આઈ પ્લેજ ફોર ૯' એચીવર્સ પુરસ્કાર નવી દિલ્હીના પીએમએસએમએ (PMSMA) વિતરણ કાર્યક્રમમાં એનાયત કર્યો હતો.

## માત્ર ૧૬ વર્ષની ઉંમરે પર્વતારોહી શિવાંગી પાઠકે માઉન્ટ એવરેસ્ટ સર કર્યું

હરિયાણાની ૧૬ વર્ષની પર્વતારોહી શિવાંગી પાઠકે વિશ્વનું સૌથી ઊંચુ શિખર માઉન્ટ એવરેસ્ટ સર કર્યું છે. તેમનો સન્માન સમારોહ ગુરુ જંભેશ્વર યુનિ.ના ચોધરી રણબીર સહ સભાગારમાં થયો હતો. અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના સહસંગઠનમંત્રી શ્રી નિવાસન, ઓલંપિયન પહેલવાન યોગેશ્વર દત્ત, ગુરુ જંભેશ્વર યુનિ.ના કુલપતિ પ્રો. ટંકેશ્વરકુમાર, એબીવીપીના પ્રાંતીય અધ્યક્ષ પ્રાધ્યાપક રાજેન્દ્ર ધીમાન સહિતના અનેક મહાનુભાવોએ શિવાંગીની આ સિદ્ધિને બિરદાવી હતી. અભાવિપ તથા કસ્તુરી મેમોરિયલ ટ્રસ્ટે શિવાંગીને ૫ લાખ રૂપિયાની આર્થિક મદદ કરી હતી.

## ભારતમાં ૧૯૫૦૦થી અધિક માતૃભાષાઓ બોલાય છે.

રજિસ્ટ્રાર જનરલ તથા જનગણના આયુક્ત, ભારતે દેશમાં ૧૯૫૦૦થી પણ અધિક માતૃભાષાઓ બોલાય છે તેવો અહેવાલ આપ્યો છે. આમાં ૧૨૧ માતૃભાષાઓ એવી છે કે જે ૧૦ હજાર કે તેથી વધુ લોકો બોલે છે. આ તારણથી સ્પષ્ટ થયું છે કે ભારતમાં લોકસંપર્ક માટે માતૃભાષાઓ જ ઉત્તમ છે. દેશના નાગરિકોએ એક બીજાને સમજવા ઓછામાં ઓછા પાડોશી રાજ્યમાં બોલાતી માતૃભાષાઓનો અભ્યાસ કરવો રહ્યો.

## મુસ્લિમ શિક્ષિકાએ ઉર્દૂમાં રામાયણનો અનુવાદ કર્યો

ઉત્તર પ્રદેશના કાનપુરની મુસ્લિમ શિક્ષિકા માહી તલત સિદ્દીકીએ રામાયણ ગ્રંથને રસ પડે તેવી રીતે ઉર્દૂમાં લખ્યો છે. તે યુપીમાં પ્રસિદ્ધ ઉર્દૂ લેખિકા પણ છે. તેમનું માનવું છે કે 'રામાયણ ગ્રંથ બહુ જ સારી રીતે લખાયો છે. અન્ય ગ્રંથોના પવિત્ર શબ્દોની જેમ રામાયણ પણ આપણને શાંતિ અને ભાઈચારાનો સંદેશો આપે છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે હિન્દુ સમુદાય સિવાય મુસ્લિમ સમુદાય પણ રામાયણમાં વર્ણવેલ સારી બાબતોથી અવગત થાય તે હેતુથી મેં આ પ્રયત્ન કર્યો છે.

## અમદાવાદમાં સ્વ. અટલબિહારી બાજપેયને સર્વપક્ષીય શ્રદ્ધાંજલિ તથા પ્રાર્થના સભા

અમદાવાદના યુનિવર્સિટી કન્વેક્શન હોલમાં સ્વ. અટલ બિહારી બાજપેયને સર્વપક્ષીય શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. તા. ૨૧-૮-૧૮ સાંજે ૪થી ૬ના સમયમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીની સાથે-સાથે ગુજરાતના વિવિધ પક્ષોના અગ્રગણીઓ, ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ, વિધાનસભા સદસ્યો, સાંસદો, સાહિત્યકારો તથા સંતોએ શ્રી અટલજીના સંસ્મરણો સાથે તેમને શ્રદ્ધાંજલી અર્પી હતી. વિશેષમાં શ્રી કેશુભાઈ પટેલ, શંકરસિંહજી વાઘેલા, વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, સ્વામી સચ્ચિદાનંદ, RSSના પશ્ચિમક્ષેત્ર વિભાગ પ્રચારક ડૉ. જયંતિબઆઈ ભાડેસિયા, પુરુષોત્તમ રૂપાલા, શ્રી વિષ્ણુ પંડ્યા, ના. મુ. મંત્રી નીતિનભાઈ પટેલ, નૌતમ સ્વામી, માધવ પ્રિયદાસજી, જગન્નાથ મંદિરના શ્રી દિલીપદાસ બાપુ વગેરેએ શ્રદ્ધાંજલિ અર્પી હતી. ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ સમાપન પ્રવચન કર્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં રાષ્ટ્રભક્તો શ્રી અટલજીને શ્રદ્ધાંજલિ અર્પવા ઉપસ્થિત હતા.

## નેવીના ભૂતપૂર્વ ઓફિસર ડી. સી. શેખરે નીચાણવાળા વિસ્તારોમાં બચાવકાર્ય માટે 'અર્બન રિલીફ રાફ્ટ (UFFR)' બનાવ્યું

બેંગલુરમાં રહેતા ઇન્ડિયન આર્મી નેવીના ભૂતપૂર્વ ઓફીસર શ્રી ડી. સી. શેખરે પુરગ્રસ્ત તથા વરસાદની અતિવૃષ્ટિ સમયે શહેરના તથા ગ્રામ્ય વિસ્તારના નીચાણવાળા વિસ્તારમાંથી અસરગ્રસ્તોને સ્થળાંતર કરાવવા બહુ જ સરળ અને સહેલાઈથી ઉપલબ્ધ રાફ્ટ બનાવ્યું છે. એલ્યુમિનિયમની બોડીવાળું આ રાફ્ટ (એક પ્રકારનો તરાપો) ૧૫ કિલોથી પણ ઓછા વજનવાળો છે. તેની ફ્રેમ સ્ટીલની છે. ઈલેક્ટ્રીક મોટરથી ચાલે છે. ચાર માણસોનું સ્થળાંતર કરી શકાય છે. તેના ભાગોને કલર કોડથી એકઠા કરી બોક્સમાં પેક કરી શકાય છે. આ રાફ્ટને ઘરમાં સહેલાઈથી સંગ્રહી શકાય છે. આ રાફ્ટને માત્ર ૩ મિનિટમાં તૈયાર કરી શકાય છે.

## રશિયામાં યોજાયેલ યુદ્ધ અભ્યાસમાં ભારતીય લશ્કરનું શાનદાર પ્રદર્શન - સફળતામાં રશિયા પછી બીજા ક્રમે ભારતને સ્થાન મળ્યું

ચેબરકુલ મિલિટ્રી રેન્જ, રશિયામાં વિશ્વના રૂસ, ચીન, કઝાકિસ્તાન, પાકિસ્તાન, ભારત સહિતના આઠ દેશોના સૈનિકોનો યુદ્ધ અભ્યાસ ચાલે છે. આ અભ્યાસમાં જે તે દેશના સૈનિકો પોતાનું કૌવત પ્રદર્શિત કરે છે. તેમનું સાહસ તથા કપરા સંજોગોમાં દેશવસીઓની સેવાકાર્યને રજૂ કરવામાં આવે છે. ભારતના વીર સૈનિકોએ ચીનને પછાડીને બીજા સ્થાને સફળતા મેળવી છે. આપણા સૈનિકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો તથા લંગર લગાવીને ભારતીય વ્યંજનો જેવા કે જલેબી તથા મસાલેદાર શાકભાજી અને મીઠાઈઓ અન્ય દેશોના સૈનિકોને પીરસ્યા હતા. સાથે સાથે આપણી રાજપૂત રીજમેન્ટે પાકિસ્તાનના સૈનિકોને રાજસ્થાની સાફા પહેરાવી, તીલક કરી તેમની આરતી ઉતારી હતી. ઇન્ડિયન આર્મીએ અતિથિદેવો ભવના સાંસ્કૃતિક મૂલ્યોને રજૂ કરીને સર્વે સૈનિકોના દિલ જીત્યા હતા.

આપણા સૈનિકોએ ૬000 (છ હજાર) ફૂટની ઊંચાઈએથી Para (SF) હવાઈ છલાંગ લગાવી સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. ૪ હજાર ફૂટની ઊંચાઈએ સૈનિકોએ પેરાશૂટ ખોલ્યા હતા અને ૨ હજાર ફૂટની ઊંચાઈએથી પૃથ્વી પરના લોકેશનને નિહાળી સર્જીકલ સ્ટ્રાઈકનો યુદ્ધ અભ્યાસ પ્રદર્શિત કર્યો હતો.

## લોકસભા અને રાજ્યસભાના મોનસૂન સત્ર-૨૦૧૮માં ઉત્પાદક - સફળતા વિકાસલક્ષી બીલ પસાર થયા.

ભારતની લોકશાહીમાં સંસદસભ્યોની કાર્યપ્રણાલી - સહકારીતા મહત્વના છે. ૨000થી અત્યાર સુધીની ચાલેલી સંસદની કાર્યપ્રણાલીમાં ૨૦૧૮ના મોનસુન સત્રમાં મળેલી સફળતા ઉત્પાદક લક્ષી રહી છે. સંસદના બંને ગૃહોમાં ૧૨ બીલ પસાર થયા છે. કુલ ૨૦ બીલ રજૂ થયા હતા. લોકસભામાં ૧૧૦ ટકા શિડ્યુલ કલાકો કામ ચાલ્યું હતું જ્યારે રાજ્યસભામાં ૬૬ ટકા શિડ્યુલ કલાકોનું કામ ચાલ્યું હતું. PRS લેજીસ્લેટીવ સંશોધનમાં ઉપરોક્ત માહિતી પ્રાપ્ત થઈ છે. પ્રશ્નકાળ પણ લોકસભામાં ૮૪ ટકા જ્યારે રાજ્યસભામાં ૬૮ ટકા સમય સફળ રહ્યો હતો. આ સત્રમાં લોકસભા તથા રાજ્યસભામાં સરકારની બહુમતી-એકમત જોવા મળ્યા જે ૨000 સુધીની સફળતામાં શ્રેષ્ઠ છે. સંસદે ઉદ્યોગક્ષેત્રો માટે તથા અન્ય વિકાસલક્ષી ક્ષેત્રો માટેનાં ૧૨ બીલ બહુમતિથી પસાર કર્યા છે જે આપણી લોકશાહી માટે ખૂબ લાંબાગાળા પછીની સિદ્ધિ છે. દેશના વિકાસમાં વિવિધ રાષ્ટ્રીયપક્ષોના સાંસદોની સકારાત્મક ભૂમિકા દેશના વિકાસ તથા ઉન્નતિ માટે શુભ ચિહ્ન છે.

## જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU)નો ૪૬ વર્ષ પછી બીજો પદવીદાન સમારંભ યોજાયો

૮મી ઓગસ્ટે JNU (જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી)નો બીજો પદવીદાન સમારંભ યોજાયો હતો. આ અગાઉ ૧૯૭૨માં પ્રથમ પદવીદાન સમારંભ યોજાયો હતો. તેના મુખ્ય મહેમાન સુપ્રસિદ્ધ સીને કલાકાર બલરાજ સહાની હતા. JNUની નજીક આવેલ 'ઓલ ઇન્ડિયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE)'ના ઓડિટોરિયમમાં આ બીજો પદવીદાન સમારંભ યોજાયો હતો. આ સમારંભના મુખ્ય મહેમાન યુનિવર્સિટીના ચાન્સેલર વી. કે. સારસ્વત હતા. તેઓ અવકાશ વૈજ્ઞાનિક છે અને નીતિ આયોગના સદસ્ય છે. તેમણે 400 Ph.D.ની પદવી ૧૩ શાળાઓ તથા JNUના કેન્દ્રોના સ્કોલરોને એનાયત કરી હતી. યુનિ.ના વાઈસ ચાન્સેલર એમ. જગદીશ કુમારે પણ સૌને સંબોધન કરતાં જણાવ્યું કે આ યુનિવર્સિટી છાત્રોને વિકટ

પરિસ્થિતિમાં ચિંતન-મનન તથા વિચારોની સ્વતંત્રતાના પાઠ શીખવે છે.

## કેન્દ્ર સરકારે દેશમાં પાંચ કરોડ મફત LPG ગેસના જોડાણો આપી આઠ મહિના પહેલા જ લક્ષ્ય સિદ્ધ કર્યું.

'પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના' અંતરગત કેન્દ્ર સરકારે ૨૦૧૪થી અત્યાર સુધી પાંચ કરોડ PLG ગેસના મફત જોડાણો આપવાનું લક્ષ્ય રાખ્યું હતું. પણ નાગરિકોના સહકાર તથા LPG ગેસ સંલગ્ન તમામ એજન્સીઓના અથાગ પ્રયત્નથી આ લક્ષ્ય આઠ માસ અગાઉ જ પૂર્ણ કરવામાં આવ્યું છે. લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજને એક સમારંભમાં જણાવ્યું કે દેશની બહેનોને જંગલમાંથી લાકડા વિણવાની મથામણ તથા ધૂમાડાના પ્રદૂષણથી મુક્ત કરવા આ વર્તમાન ઉજ્વલા યોજના મહત્વની છે. તેમણે વધુમાં જણાવ્યું કે ગ્રામીણ તથા શહેરી વિસ્તારમાં ગરીબ પ્રજાની બહેનોની આંખો ઈંધણના ધૂમાડાથી ક્ષતિગ્રસ્ત થતી હતી સાથે સાથે આર્થિક ભીંસમાં પણ લાકડા ઉપલબ્ધ થતા નહોતા. આ યોજનાથી વાયુપ્રદૂષણ પણ ઘટ્યું છે.

## દેશની સેવાભાવી ધાર્મિક સંસ્થાઓ તથા ધર્મસ્થાનો માટે 'સેવા ભોજ યોજના' શરૂ કરતી કેન્દ્ર સરકાર

દેશની ધાર્મિક સંસ્થાઓ દર્શનાર્થીઓને ભોજન તથા પ્રસાદનું વિતરણ કરે છે. દેશના મઠ, મંદિરો, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા, દર્ગાહ, પારસીઓની અગિયારી, બૌદ્ધમઠ વગેરેમાં ભક્તો માટે રહેવાની-ઉતારાની સગવડની સાથે ભોજનની વ્યવસ્થા થતી હોય છે. આ માટે સંસ્થાના ટ્રસ્ટીઓને વહિવટ કરવા આર્થિક ભારણ સહન કરવું પડે છે તેથી કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક વિભાગે તથા આયકર વિભાગે સંયુક્તપણે આવી સંસ્થાઓને CGST તથા IGSTમાં અન્ય આર્થિક-ઔદ્યોગિક સંસ્થાઓના કરમાળખા કરતાં ઘણી રાહત આપી છે. કરમૂલ્ય ખૂબ જ ઓછું કરી સંસ્થાઓના આર્થિક ભારણને ઓછું કરવા માટે કેન્દ્ર સરકારે 'સેવા ભોજ યોજના' શરૂ કરી છે. નિયત ધારાધોરણ તથા નિયમોનુસાર આવી સંસ્થાઓ કેન્દ્ર સરકાર પાસેથી મદદ મેળવી શકશે.

## ભારત સરકારના સહયોગથી શ્રીલંકામાં ચાના બગીચાના કર્મચારીઓ માટે આવાસોનું નિર્માણ

શ્રીલંકા, વિશ્વમાં ચા પહોંચનાર મહત્વનો દેશ છે. ચાના ઉત્પાદન માટેના બગીચાના કર્મચારીઓની વસાહતનો મોટો પ્રશ્ન હોય છે. શ્રીલંકા સરકારને મદદ કરીને ભારતે ત્યાં ૪૦૦ જેટલા આવાસોનું નિર્માણ કર્યું છે. આ ટાપુ પર ભારતના મલાયમ તમીલો રહે છે જે શ્રીલંકાને ચાના ઉત્પાદનમાં મહત્વનો ફાળો આપે છે. ભારતે તેમના માટે ૪૦૦૦ હજાર આવાસો બાંધવાની હૈયાધારણ આપી છે. હમણાં ભારતના વડાપ્રધાન તથા શ્રીલંકાના વડાપ્રધાને સંયુક્ત યાદીમાં બહાર પાડ્યું છે. કે આવા આવાસોની સંખ્યા ૧૦,૦૦૦ સુધી પહોંચાડી શકાશે. ચાના ઉત્પાદનમાં શ્રીલંકા અને ભારતનો સહયોગ વિશ્વબજારમાં મહત્વની ભૂમિકા ભજવે છે. હમણાં શ્રીલંકાના વડાપ્રધાન રાનીલ વિક્રમસિંઘે (Ranil Wickramsinghe) કેટલાક આવાસોનું લોકાર્પણ કર્યું હતું. જેનું વિડિયો કોન્ફરન્સથી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સંબોધન કર્યું હતું.

## નોબલ પારોતિષિક વિજેતા ભારતીયમૂળના પ્રસિદ્ધ લેખક સર વી. એમ. નઈપૌલનું નિધન

ઓગસ્ટ ૧૭, ૧૯૩૨માં ટ્રિનિદાદાના હિન્દુ પરિવારમાં જન્મેલ નોબલ પારિતોષિક વિજેતા ભારતીય મૂળના પ્રસિદ્ધ લેખક સર વિદ્યાધર સૂરજપ્રસાદ નાઈપૌલ (V. S. Naipaul)નું ૧૧મી ઑગસ્ટે નિધન થયું છે. તેમણે શહેરી વસાહતો, આદર્શવાદ, ધર્મ અને રાજકારણ પર અનેક ચિંતન-મનન કર્યું છે. તેઓએ માત્ર ૧૮ વર્ષની ઉંમરે ઓક્સફર્ડ યુનિવર્સિટીની સ્કોલરશીપ મેળવી ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમના જીવનનો મોટોભાગ ઈંગ્લેંડમાં પસાર થયો હતો. તેમણે કાલ્પનિક તથા સત્યઘટનાઓ આધારિત ૩૦થી વધુ નવલકથાઓ લખી છે. તેમાં સૌથી લોકપ્રિય બનેલ પુસ્તક 'The Mystic Masseur' છે. સ્વ. નાઈપૌલને ૨૦૦૧માં તેમના સાહિત્ય માટે નોબેલ પારોતિષિક એનાયત થયું હતું.

* * *